# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in     Email. : info@bknmu.edu.in


**પરિપત્ર**

વિષય : એન.એસ.એસ. રાજ્ય કક્ષાના ઝોનલ કેમ્પમાં ભાગ લેવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ને જણાવવાનું કે ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન જુદીજુદી યુનિવર્સિટીઓમાં કુલ ૩ રાજ્ય કક્ષાના ઝોનલ કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરેલ હતુ જેમાંનાં એક ઝોનલ કેમ્પનું આયોજન કરવાની જવાબદારી અત્રેની યુનિવર્સિટીને સોંપવામાં આવેલ છે જે આપણી યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.

આ રાજ્ય કક્ષાના ઝોનલ કેમ્પનું આયોજન આગામી તા.૧૦ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમિયાન નોબલ એન્જીનીયરીંગ કોલેજ, ભેંસાણ રોડ, બામણગામ, જૂનાગઢ ખાતે કરવાનું નક્કી કરેલ છે. આ કેમ્પમાં અત્રેની યુનિવર્સિટી ખાતે આપની કોલેજ દ્વારા મોકલેલા નામ મુજબ એન.એસ.એસ. સ્વયંસેવકો ઉત્સાહભેર ભાગ લે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવા.

ઝોનલ કેમ્પમાં ભાગ લેતા સ્વયંસેવકોએ ઉપરોક્ત સ્થળે તા.૧૦/૦૯/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ કલાક સુધીમાં હાજર થઈ નોંધણી કરાવી લેવાની રહેશે.

આ ઝોનલ કેમ્પમાં બૌદ્ધિક વ્યાખ્યાનો ઉપરાંત કેટલાંક સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે તેની વિગતો આ સાથે સામેલ છે. ભાગ લેનાર કોલેજોએ પોતાના બેનર, લાકડી, બેઈઝ તથા ગણવેશ સાથે આવવાનું રહેશે.

ભાઈઓ ગણવેશ : સફેદ શર્ટ, પેન્ટ, સ્કાર્ફ, બેઈઝ, કેપ
બહેનો ગણવેશ : સફેદ સલવાર, કમીઝ, બ્લેક દુપટ્ટો, સ્કાર્ફ, બેઈઝ, કેપ.

આ સાથે ઝોનલ કેમ્પ કાર્યક્રમસૂચિ સામેલ છે. જેમાં આપના યુનિટનાં સ્વયંસેવકો દ્વારા ૩×૨ ફુટની ડ્રોઈંગશીટમાં "ગ્રામિણ સંસ્કૃતિ દર્શાવતું" તથા "સ્વચ્છતા અભિયાન" ને લગતાં બે પોસ્ટર્સ તૈયાર કરી થર્મોકોલની શીટ અથવા હાર્ડબોર્ડમાં લગાવી સાથે લાવવાનાં રહેશે. ભાગ લેનાર તમામ યુનિટોમાંથી એક સ્વયંસેવકે વક્તૃત્વ સ્પર્ધામાં તથા ત્રણ સ્વયંસેવકોની એક ટીમે ક્વીઝ સ્પર્ધામાં ભાગ લેવો ફરજીયાત રહેશે. આપના સ્વયંસેવકોની ટીમ સાથે પ્રોગ્રામ ઓફિસર હાજર રહે તે ઈચ્છનીય છે. સમગ્ર ઝોનલ કેમ્પ દરમિયાન દરેક સ્વયંસેવક સ્વયંશિસ્ત જાળવે તે અંગેની સૂચનાઓ આપની કક્ષાએથી આપવી. સ્વયંસેવકોની નિયમિત હાજરીની નોંધ લેવામાં આવશે. ઝોનલ કેમ્પ સમય દરમિયાન ગેરહાજર રહેનાર સ્વયંસેવક પ્રમાણપત્ર માટે હક્કદાર બનશે નહી.

**નોંધ : ઝોનલ કેમ્પમાં આવતા વિદ્યાર્થીઓને રહેવા તથા જમવાની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. જ્યારે કેમ્પ સ્થળે આવવા–જવાનાં મુસાફરી ખર્ચ જે તે કોલેજના એન.એસ.એસ. યુનિટને મળતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.**

પ્રો. કો–ઓર્ડિનેટર,
એન.એસ.એસ. વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.,
જુનાગઢ.

ક્રમાંકઃ બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૭૧/૨૦૧૮–૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૦૮/૦૯/૨૦૧૮

પ્રતિ,
– ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ...

**બિડાણ :** કાર્યક્રમની કાર્યસૂચિ

**નકલ સાદર રવાના :**
– માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

**એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ વિભાગ–ગાંધીનગર દ્વારા આયોજીત**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ ના યજમાનપદે**

**“NOT ME BUT YOU”** **ત્રિદિવસીય એન.એસ.એસ. ઝોનલ કેમ્પ કાર્યક્રમસૂચિ** **“NOT ME BUT YOU”**

**સ્થળ : નોબલ ગ્રૃપ ઓફ ઇન્સ્ટીટયુશન્સ, ભેંસાણ રોડ, જૂનાગઢ, તા.૧૦/૦૯/૨૦૧૮ થી તા.૧૨/૦૯/૨૦૧૮**

| | | |
|---|---|---|
| | **દિવસ– ૧ તા.૧૦/૦૯/૨૦૧૮, સોમવાર** | |
| **ક્રમ** | **સમય** | **કાર્યક્રમ/પ્રવૃતિ/સ્પર્ધા** |
| 1 | 8:00 a.m. To 9:30 a.m. | રજીસ્ટ્રેશન, ટી–બ્રેકફાસ્ટ, પોસ્ટર સબમિશન, કિટ વિતરણ |
| 2 | 10:30 a.m. To 12:00 a.m. | ઉદ્‌ઘાટન સમારોહ |
| 3 | 12:30 p.m. To 1:15 p.m. | વ્યાખ્યાન :–માન. રેખાબા સરવૈયા, ડેપ્યુટી કલેક્ટરશ્રી, કેશોદ.<br>વિષય :– મારો સંઘર્ષ અને મારી સર્જનયાત્રા– મતદાન જાગૃતિ |
| 4 | 1:15 p.m. To 2:45 p.m. | ભોજન વિશ્રામ |
| 5 | 3:00 p.m. To 3:45 p.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.) મહેન્દ્રસિંહ પરમાર,<br>વિષય :– રાષ્ટ્રીય સેવા યોજનામાં યુવાનોની ભૂમિકા |
| | 3:45 p.m. To 4:30 p.m. | વ્યાખ્યાન :–માનનીય સી.એન.મીશ્રા<br>વિષય :– અનુસૂચિત જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ |
| 6 | 4:30 p.m. To 6:00 p.m. | વક્તૃત્વ સ્પર્ધા :– (સમયમર્યાદા પાંચ મિનિટની રહેશે.)<br>વિષય :– (૧) ગ્લોબલ વોર્મિંગ (૨) પોતાના ભવિષ્ય માટે યુવાધનની જાગૃતતા (૩) ડિજીટલ ઈન્ડીયામાં યુવાનોની ભૂમિકા<br>નોંધ : દરેક યુનિટમાંથી ફક્ત એક સ્વયંસેવક ભાગ લઈ શકશે. |
| 7 | 6:00 p.m. To 6:30 p.m. | ક્વીઝ લેખિત પરીક્ષા :– (૫૦ માર્કસનું ઓબ્જેક્ટીવ પેપર)<br>દરેક યુનિટમાંથી ત્રણ સ્વયંસેવકોની એક ટીમ ભાગ લઈ શકશે.<br>પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર ટીમો વચ્ચે બીજા દિવસે ફાઈનલ સ્પર્ધા કરવામાં આવશે. |
| 8 | 6:30 p.m. To 7:45 p.m. | રાત્રી ભોજન વિશ્રામ |
| 9 | 8:30 p.m. To 10:00 p.m. | સાંસ્કૃતિક કાર્યક્રમ : એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા |
| | **દિવસ– ૨ તા.૧૧/૦૯/૨૦૧૮, મંગળવાર** | |
| 1 | 7:00 a.m. To 8:00 a.m. | ચા–નાસ્તો |
| 2 | 8:00 a.m. To 10:00 a.m. | વૃક્ષારોપણ કાર્યક્રમ |
| 3 | 10:00 a.m. To 10:45 a.m. | વ્યાખ્યાન :– પ્રા. (ડૉ.) પરાગ દેવાણી<br>વિષય :– કારકિર્દી અને રોજગારલક્ષી માર્ગદર્શન |
| 4 | 10:45 a.m. To 11:30 p.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.)ચેતનાબેન પાણેરી<br>વિષય :– સહજીવન જીવવાની કળા |
| 5 | 11:30 p.m. To 1:00 p.m. | ચુનાવ પાઠશાળા અને ELC ની સ્થાપના સંદર્ભે વ્યાખ્યાન |
| 6 | 1:00 p.m. To 2:30 p.m. | ભોજન વિશ્રામ |
| 7 | 3:00 p.m. To 5:00 p.m. | ક્વીઝ મેઈન રાઉન્ડ<br>(લેખિત પરીક્ષામાં પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર ટીમો વચ્ચે) |
| 8 | 5:00 p.m. To 6:00 p.m. | સ્વયંસેવકોની સ્વૈચ્છિક અભિવ્યક્તિ<br>(એકપાત્રી અભિનય, લોકગીત, દુહા, છંદ, ભજન, લગ્નગીત, ધૂન વગેરે) |
| 9 | 6:30 p.m. To 7:30 p.m. | રાત્રી ભોજન |
| 10 | 8:00 p.m. To 10:30 p.m. | ગરબા (ગુજરાતી લોકનૃત્ય)– (ટ્રેડીશનલ ડ્રેસ પહેરવો ઈચ્છનીય છે) |
| | **દિવસ–૩ તા.૧૨/૦૯/૨૦૧૮, બુધવાર** | |
| 1 | 6:30 a.m. To 7:30 a.m. | આરોગ્યવર્ધક કસરતો તથા પ્રાણાયામ |
| 2 | 7:30 a.m. To 9:30 a.m. | ચા નાસ્તો – વિશ્રામ |
| 3 | 10:00 a.m. To 10:45 a.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.) પી.વી. પટેલ<br>વિષય :– પ્રસંગોચિત સાંપ્રત સમયને અનુરૂપ વ્યાખ્યાન |
| 4 | 10:45 a.m. To 11:30 a.m. | વ્યાખ્યાન :–ડૉ.મેહુલભાઈ રૂપાણી<br>વિષય :– રાષ્ટ્ર ઘડતરમાં યુવાનોની ફરજ |
| 5 | 11:30 a.m. To 12:15 p.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.) કે.એસ. લિખીયા સાહેબ<br>વિષય :– યુવા વિકાસ–રાષ્ટ્ર વિકાસ |
| 6 | 12:15 p.m. To 12:45 p.m. | વિશ્રામ |
| | 12:45 p.m. To 2:00 p.m. | સમાપન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ |
| 7 | 2:00 p.m. To 3:30 p.m. | ભોજન **(✡ સમય સંજોગોને આધીન કાર્યસૂચિમાં ફેરફાર શક્ય છે.)** |